# આરપાર

વર્ષ - ૭ • અંક-૩-૪ • સળંગ અંક - ૩૧૫-૧૬
તારીખ - ૧૨નવેમ્બર, ૧૯ નવેમ્બર, ૨૦૦૭

**તંત્રી**
મનોજ ભીમાણી

**મુખ્ય કાર્યાલય**
૨૦૧, વિમલા કોમ્પ્લેક્સ, જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.
ફોન : ૦૭૯ - ૨૬૪૬ ૪૬૦૬,૨૬૪૬ ૪૬૦૫
ફેક્સ : ૦૭૯ - ૨૬૪૬ ૩૦૨૮

| લવાજમ | ભારતમાં | વિદેશમાં | | |
|---|---|---|---|---|
| મુદત | રૂા. | ડૉલર | પાઉન્ડ | યૂરો |
| ૫ વર્ષ | ૨૦૦૦ | ૩૧૦ | ૧૮૫ | ૨૮૦ |
| ૪ વર્ષ | ૧૬૫૦ | ૨૫૦ | ૧૫૦ | ૨૨૫ |
| ૩ વર્ષ | ૧૨૭૫ | ૧૯૦ | ૧૧૫ | ૧૭૦ |
| ૨ વર્ષ | ૯૦૦ | ૧૩૦ | ૮૦ | ૧૧૫ |
| ૧ વર્ષ | ૪૭૫ | ૭૦ | ૪૫ | ૬૦ |

લવાજમ માટેનો ચેક **વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.**ના નામનો 'આરપાર' કાર્યાલયને મોકલવાનો રહેશે.

**E-mail :** aarpar@aarpar.com
editor@aarpar.com
subscribe@aarpar.com
Website : www.aarpar.com

**મુદ્રક-પ્રકાશક મનોજ ભીમાણીએ વેદાન્તા એક્ઝિમ પ્રા. લિ.** વતી ગુજરાત ઓફસેટ પ્રા.લિ., ઓફસેટ હાઉસ, સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ ખાતે છાપી, ૨૦૧, વિમલા કોમ્પલેક્ષ, જૂના શારદા મંદિર રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૬ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.

**તા. ૦૬થી ૧૯ નવે., ૦૭ માટે પ્રકાશિત**

**Registered under R.N.I. NO. GUJ/ GUJ/2001/5521 Permitted to post at AHMEDABAD PSO on every SATURDAY under Postal Registration Number : L3/131/GUJ-408/05-06 valid upto 31-12-2008**


**થો**ડીક વાર્તાઓ, કવિતાઓ, વાનગીઓનો રસથાળ, વિવિધ ફેશન વગેરેથી 'ભરપૂર' દિવાળી અંકો આપવાની ગુજરાતી પત્રકારત્વની પ્રથા આજેય અકબંધ છે. આ બધા વચ્ચે કંઈક નવું આપવાની પ્રથા પાડનાર 'આરપાર' આ વખતે પણ એ પરંપરા જાળવી રાખે છે. હિન્દુસ્તાનના ઈતિહાસનું એક ભવ્ય પ્રકરણ એટલે ૧૮૫૭ની ક્રાંતિ. એ ક્રાંતિનાં કંઈક કેટલાય અજાણ્યા પ્રકરણોથી સમૃદ્ધ દિવાળી અંક વાચકો સામે પીરસી રહ્યા છીએ ત્યારે સ્વાભાવિક રીતે પ્રશ્ન થાય કે, દિવાળીના સપરમા દિવસોમાં વિપ્લવની વાતો વાગોળવાની?! આઝાદી કાજે તડપી રહેલા હિન્દુસ્તાનના એ રક્તરંજિત ઈતિહાસના પોપડા ઉખેળવાની અત્યારે જરૂર ખરી? ખરી! ગુલામ હિન્દુસ્તાનને આઝાદીની રાહ ચીંધનાર અસંખ્ય નામી-અનામી વીરલાઓની કુરબાનીના કારણે જ હિન્દુસ્તાન આજે બેખૌફ દિવાળી મનાવી રહ્યો છે. વેપારધંધાના બોજ-તણાવને એક તરફ હડસેલી રોશનીપર્વ મન ભરીને ઊજવી રહ્યા છે, ત્યારે વિપ્લવના વીરલાઓની યશગાથાઓ વાગોળી તેમને હૃદયાંજલિ આપવાના એક નેક પ્રયાસ સાથે સપરમા દા'ડામાં વિપ્લવની વાતો અને સ્મૃતિઓ તાજી કરી છે.




આઝાદીના જંગમાં ઝંપલાવીને ગાંધી-સરદાર જેવા કેટલાય ગુજરાતીઓએ દુનિયા આખીમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. તો કેટલાક સાહિત્યની સેવા કરીને તેનો વારસો અમર બનાવ્યો છે. કેટલાકે ગુજરાતના વિકાસ અને વારસાને સમૃદ્ધ બનાવવાના અનેક પ્રયત્નો કર્યાં છે. ગુજરાતનું ઘડતર કરનારા તેના સાચા ઘડવૈયાઓની બેજોડ સેવાઓને પણ 'આરપાર' વિસર્યું નથી. આ દીપોત્સવી અંક સ્વરૂપે એક મહામૂલા દસ્તાવેજની ભેટ 'આરપાર' ભાવિ પેઢીને ધરી રહ્યું છે. આ દિવાળી દેશપ્રેમથી છલકી ઉઠે તેવી શુભકામના સાથે 'આરપાર' ૧૮૫૭ના સંગ્રામની વાત અને ગુજરાતના ઘડવૈયાઓના અમૂલ્ય યોગદાનની વાત તેના દિલોજાન વાચકો, શુભેચ્છકો અને દેશપ્રેમીઓ સમક્ષ પેશ કરી રહ્યું છે.

આરપાર સાથે સંકળાયેલા અને તેને અંતરના ઊંડાણથી પોતીકું માનતા સૌ વાચકો, મિત્રો, શુભેચ્છકો, એડવર્ટાઈઝર્સ અને એજન્ટોને વિક્રમ સંવતના નવા વર્ષની શુભકામના.

(મનોજ ભીમાણી)